| GJVL040038062025 | રજુ તારીખ | ::– | ૧૮/૦૬/૨૦૨૫ |
|---|---|---|---|
| | દાખલ તારીખ | ::– | ૧૮/૦૬/૨૦૨૫ |
| | નિકાલ તારીખ | ::– | ૦૭/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો | ::– | વર્ષ–માસ–દિવસ |
| | | | **૦૧–૦૦–૧૯** |

**<u>ઉમરગામના મહેરબાન એડી. જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ– ઉમરગામ.</u>**

**<u>ક્રિમીનલ કેસ નંબર–૩૪૩૪/૨૦૨૫</u>**
**આંક–૨૧**

| ફરીયાદી ::– | સરકારશ્રી.... |
|---|---|
| | //**વિરૂધ્ધ**// |
| આરોપી ::– | સુરેશભાઈ મોહનભાઈ નાયકા, ઉ.વ.૪૯,<br>રહે. નગવાસ, પ્રથમપાડા ફળીયા,<br>તા. ઉમરગામ, જી.વલસાડ |

| ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી **:–** | **વાય.જી. વસાવા** |
|---|---|
| આરોપીઓ તરફે વિ. વ.શ્રી**:–** | **આર.આર.માછી** |

| ગુનોઃ– | **ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૨૩ તથા જી.પી.એક્ટ ની કલમ ૧૩૫(૧) મુજબ** |
|---|---|

## –:: <u>ચુકાદો</u> ::–

**<u>પોલીસ કાર્યવાહી :</u>**

**૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા. ૧૨/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે મોજે નગવાસ પ્રથમપાડા ફળીયા, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે આરોપીએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડ નાઓએ જાહેરનામુ બહાર પાડેલ હોવાની જાણ હોવા છતાં મોજે નગવાસ પ્રથમપાડા ફળીયા, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે જાહેરમાં રોડ ઉપર આશરે ૮૦ થી ૧૦૦ જેટલા માણસો રોડ ઉપર ડી.જે. સાથે ભેગા કરી સરઘસ કાઢી મે. જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર વલસાડના નં. ડીસીબી/એમએજી/જીપીએ/રજી.૧૦૫/વશી–૯૧૫૦ થી ૯૧૯૯ તા. ૩૧/૧૨/૨૦૨૪ નું તા. ૦૨/૦૧/૨૦૨૫ થી તા.

૧૬/૦૧/૨૦૨૫ સુધીના પ્રસિધ્ધ જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૨૩ તથા જી.પી. એક્ટ – ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલાનું ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરતાં, પી.એસ.ઓ.શ્રી દ્વારા ભીલાડ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૦૦૦૭૨૫૦૦૬૮/૨૦૨૫ થી થી ઉપરોક્ત કલમ મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ અને તપાસ સોપવાનો હુકમ કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસને અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોય, આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**<u>કોર્ટ કાર્યવાહી :</u>**

૨) સદર કામના આરોપીઓને ધોરણસર સમન્સ કરતાં, જે બજી જતાં, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા, તેઓને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ તે મતલબની ખાત્રી કર્યા બાદ, ત્યારબાદ, આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ કલમ–૨૨૩ તથા જી.પી. એક્ટ – ૧૩૫(૧) મુજબનું તહોમતનામું ફરમાવી તે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી, સમજાવી અને આરોપીનું **આંક–૦૪** થી પ્લી/નિવેદન લેતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરી અને પોતે કેસ આગળ ચલાવવા માંગતા હોય, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરીને પુરાવો નોંધવામાં આવેલ છે.

૩) આ કામે આરોપીઓ વિરૂધ્ધના કેસની હકીકતના સમર્થનમાં ફરીયાદપક્ષે થી નીચે મુજબ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–: <u>મૌખીક પુરાવો.</u> :–**

| **અનુક્રમ નંબર** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ દિવ્યેશ વસંતભાઈ પટેલ નાઓની સોગંદ પરની જુબાની. | ૦૫ |
| ૦૨ | પંચ સાહેદ લક્ષ્મણભાઈ વેસુભાઈ ધનારીયા | ૦૭ |

| | | |
|---|---|---|
| | નાઓની સોગંદ પરની જુબાની. | |
| ૦૩ | ફરીયાદી દેવાતભાઈ વરવાભાઈ ચંદ્રવાડીયા નાઓની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૦૪ | ત.ક.અ. કમલેશભાઈ મકનાભાઈ પરમાર નાઓની સોગંદ ઉપરની જુબાની | ૧૬ |
| ૦૫ | સાહેદ સચીનભાઈ બાબુભાઈ પટેલ નાઓની સોગંદ ઉપરની જુબાની | ૧૯ |
| ૦૬ | સાહેદ હાર્દિકભાઈ ઈશ્વરભાઈ હળપતી નાઓની સોગંદ ઉપરની જુબાની | ૨૦ |

**–:દસ્તાવેજી પુરાવો:–**

| **અનુક્રમ નંબર** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૬ |
| ૦૨ | ફરીયાદ | ૧૧ |
| ૦૩ | જાહેરનામું | ૧૨ |

**વિશેષ નીવેદન :**

૪) વધુમાં, સબબ કામે પડેલ પુરાવો જોતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તો તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રીમ કોર્ટના – ૧) ૧૯૯૬(૩), ક્રાઈમ્સ – ૮૫ – સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન તથા ૨) ૨૦૦૪(૪), એસ.સી.સી. ૫૮૨ મદનમોહન વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબના ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે " જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીંગ આગળ ચલાવવા ફ્રુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ" તે સિદ્ધાંત ધ્યાને લઈ ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યા બાદ અન્ય સાક્ષીઓ તપાસેલ નથી.

આ કામે, પુરાવાના કાયદાની કલમ ૧૩૪ વંચાણે લેતા, પુરાવાનો જથ્થો નહિ પરંતુ, પુરાવાની ગુણવત્તા અગત્યની હોય છે. હાલના કેસમાં ફરિયાદપક્ષે રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તે જોતાં

ફરિયાદપક્ષ તરફે અન્ય સાહેદને ન તપાસવા છતા કેસના ગુણદોષ ઉપર કોઈ અસર થતી નથી.

આ કામે ફરીયાદપક્ષેથી પુરાવા રજુ થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીપક્ષે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને બચાવના સાક્ષી તપાસવા નથી. વિશેષમાં તેઓએ જણાવેલ છે કે, " તેઓ નિર્દોષ છે, ખોટી ફરિયાદ કરેલ છે."

**<u>દલીલો :</u>**

૫) આ કામે વિ.એ.પી.પી.શ્રીની તેમજ આરોપીપક્ષે મૌખિક દલીલો સાંભળેલ છે.

૬) આ કામે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

**<u>મુદ્દા નંબર–૧</u> :** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૧૨/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે મોજે નગવાસ પ્રથમપાડા ફળીયા , તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે આરોપીએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડ નાઓએ જાહેરનામુ બહાર પાડેલ હોવાની જાણ હોવા છતાં મોજે નગવાસ પ્રથમપાડા ફળીયા, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે જાહેરમાં રોડ ઉપર આશરે ૮૦ થી ૧૦૦ જેટલા માણસો રોડ ઉપર ડી.જે. સાથે ભેગા કરી સરઘસ કાઢી મે. જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર વલસાડના નં. ડીસીબી/એમએજી/ જીપીએ/રજી.૧૦૫/વશી–૯૧૫૦ થી ૯૧૯૯ તા. ૩૧/૧૨/૨૦૨૪ નું તા. ૦૨/૦૧/૨૦૨૫ થી તા. ૧૬/૦૧/૨૦૨૫ સુધીના પ્રસિધ્ધ જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય

સંહીતાની કલમ–૨૨૩ તથા જી.પી. એક્ટ – ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**મુદ્દા નંબર–૨ :** શું હુકમ ?

**૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે અનુસારના છે.

**–:: નિર્ણયો ::–**

**મુદ્દા નંબર–૧** ::– નકારમાં
**મુદ્દા નંબર–૨ ::–** આખરી હુકમ મુજબ..

૮) આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લઈ તથા નક્કી કરવામાં આવેલ મુદ્દાના નિર્ણય ઉપર પહોચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**–::કારણો::–**

૯) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતો હોય તો તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ અંગેની હકીકતો શંકાથી પર સાબીત કરવાની હોતી નથી.

**ફરિયાદપક્ષનો પુરાવો**

૧૦) ફરિયાદપક્ષે **આંક–૦૫** થી પંચ સાહેદ દિવ્યેશ વસંતભાઈ પટેલ નાઓને તથા **આંક–૦૭** થી પંચ સાહેદ લક્ષ્મણભાઈ વેસુભાઈ

ધનારીયા નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેઓને પો.સ્ટે બોલાવી સહી કરાવેલી. કઈ બાબત માટે સહી કરાવેલ તેની તેમને ખબર નથી. તેમને પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. જે પંચનામાંને રેકર્ડે **આંક–૦૯** આપી રજુ રાખેલ છે.

સદર પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, તેઓને એ.પી.પી.શ્રી વિમુખ જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ છે, તેમ છતાં, તેઓ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પંચનામામાં માત્ર સહી કરેલી.

**૧૧)** ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા સારૂ **આંક–૧૦** થી ફરીયાદી દેવાતભાઈ વરવાભાઈ ચંદ્રાવાડીયા નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૨/૦૧/૨૦૨૫ નાં રોજ ઉત્તરાયણના તહેવાર નિમિત્તે નાયબ મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, વલસાડના હુકમ તા.૩૧/૧૨/૨૦૨૪ નાં અમલવારી સારુ તેઓ તથા બીજા પોલીસના માણસો તથા બીજા પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે નાગવાસ, પ્રથમપાડા ફળિયા ખાતે જાહેર રોડ પર આવતા ૮૦ થી ૧૦૦ જેટલા માણસો રોડ પર ડીજે સાથે નાચતા સરઘર કાઢેલ જેથી સરઘર કાઢનાર આગેવાનોને બોલાવી નામઠામ પૂછતા તેઓએ પોતાનું નામ– સુરેશભાઈ મોહનભાઇ નાયકા હોવાનું જણાવેલ અને પંચો રુબરુ તેમની પાસે સરઘસ કાઢવા માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવેલ કે કેમ તે પૂછતા, તેમને નહિ હોવાનું જણાવેલ અને તેઓને સરઘસ કાઢવા બાબતે કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહિ. જીલ્લા મેજીસ્ટ્રેટનાઓએ પ્રસિધ્ધ કરેલ જાહેરનામાનો ભંગ કરેલ હોય, આથી તેઓએ ભીલાડ પો.સ્ટે. ફરિયાદ આપેલ. જે ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી

બતાવે છે. જે ફરીયાદને રજુ દાખલ **આંક–૧૧** આપવામાં આવે છે. તથા આ કામે રજુ જાહેરનામાની નકલ આ સાથે સામેલ રાખેલ છે. તે જાહેરનામાને રજુ દાખલ **આંક–૧૨** આપવામાં આવે છે.

તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા માણસો હાજર હતા. એ વાત ખરી નથી કે, તેઓની સાથે પોલીસ સ્ટાફના જ માણસો હાજર હતા. એ વાત ખરી નથી કે, હાલના આરોપીએ સરઘસ કાઢેલ હોય તેની ખાતરી કરેલ નહિ. એ વાત ખરી નથી કે, સદરહુ આરોપીએ કહેવાતો ગુન્હો ન કરેલ હોવા છતા ખોટી ફરિયાદ આપી સોગંદ પર ખોટી જુબાની આપે છે.

**૧૨)** ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા સારૂ **આંક–૧૬** થી ત.ક.અ. કમલેશભાઈ મકનાભાઈ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, તા. ૧૨/૦૧/૨૦૨૫ નાં રોજ ઉત્તરાયણના તહેવાર નિમિત્તે નાયબ મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, વલસાડના હુકમ તા.૩૧/૧૨/૨૦૨૪ નાં અમલવારી સારુ તેઓ તથા બીજા પોલીસના માણસો તથા બીજા પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે નાગવાસ, પ્રથમપાડા ફળિયા ખાતે જાહેર રોડ પર આવતા ૮૦ થી ૧૦૦ જેટલા માણસો રોડ પર ડીજે સાથે નાચતા સરઘર કાઢેલ. જેથી સરઘર કાઢનાર આગેવાનોને બોલાવી નામઠામ પૂછતા તેઓએ પોતાનું નામ– સુરેશભાઇ મોહનભાઇ નાયકા હોવાનું જણાવેલ અને પંચો રુબરુ તેમની પાસે સરઘસ કાઢવા માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવેલ કે કેમ તે પૂછતા, તેમને નહિ હોવાનું જણાવેલ અને તેઓને સરઘસ કાઢવા બાબતે કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહિ. જીલ્લા મેજીસ્ટ્રેટનાઓએ પ્રસિધ્ધ કરેલ જાહેરનામાનો ભંગ કરેલ હોય, આથી દેવાતભાઈ વરવાભાઇએ ભીલાડ પો.સ્ટે. ફરિયાદ આપેલ. ત્યારબાદ PSO એ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને સોંપતા, તેઓએ તપાસ સંભાળી લીધેલ અને ગુન્હાવાળી જગ્યાએ જઈ ગુન્હાવાળી જગ્યાનું વિગતવારનું પંચનામુ કરી લીધેલું,

જે **આંક–૦૬** વાળું પંચનામુ તેઓને બતાવવામાં આવે છે. જેમાં પંચો તથા રુબરુ તરીકે તેમની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. તથા, આરોપીની અટક કરી જામીનમુક્ત કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આ કામે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાની **આંક–૧૨** ની નકલ આ સાથે સામેલ રાખેલ. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરેલી. આરોપીને જોયેથી ઓળખે છે. આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર નથી.

તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ ૮૦ થી ૧૦૦ જેટલા માણસો હાજર હતા. એ વાત ખરી છે કે, આ કામે અન્ય કોઈ ઈસમો વિરુધ્ધ ફરિયાદ કરેલ હોય તેવું તેઓની તપાસમાં ખુલેલ નહિ. એ વાત ખરી છે કે, આ કામના આરોપી એ જ સરઘસ કાઢેલ હોય તે લગત બાબતના પુરાવા મેળવેલ નહિ. એ વાત ખરી છે કે, જાહેરનામાની જાહેર જગ્યાએ પ્રસિધ્ધિ થયેલ ન હતી. એ વાત ખરી નથી કે, પંચોની તૈયાર પંચનામામાં સહી લીધેલી. એ વાત ખરી નથી કે, અમારી સાથે પોલીસ સ્ટાફના જ માણસો હાજર હતા. એ વાત ખરી નથી કે, હાલના આરોપીએ સરઘસ કાઢેલ હોય તેની ખાતરી કરેલ નહિ. એ વાત ખરી નથી કે, સદરહુ આરોપીએ કહેવાતો ગુન્હો ન કરેલ હોવા છતા ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ રજુ કરેલ અને તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપે છે.

**૧૩)** ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા સારૂ **આંક–૧૯** થી સાહેદ સચિનભાઈ બાબુભાઈ પટેલ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ એક વર્ષ અગાઉ બનેલ. બનાવ સમયે તેઓ ઘરે હતા. બાનવ વખતે સુનિલભાઈએ તેમને ૧૫૦ લોકો માટે જમવાનું બનાવવાનો ઓર્ડર આપેલ. કયાં પ્રસંગ માટે ઓર્ડર આપેલ તે તેઓને ખબર નથી. તે સિવાય ત્યાં શું બનેલ તેની તેઓને ખબર નથી.

સદર સાહેદ ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, ફરિયાદપક્ષે તેઓને વિમુખ જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય

તેવા સવાલો પુછવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, બનાવ બાબતની તેઓને જાત માહિતી નથી.

૧૪) ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા સારૂ **આંક–૨૦** થી સાહેદ હાર્દિકભાઈ ઈશ્વરભાઈ હળપતિ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ એક વર્ષ અગાઉ બનેલ. બનાવ વખતે તેઓ ડીજેનો કામ કરતા હતા. સુનિલભાઈએ તેઓને ડીજે વગાડવા માટેનો ઓર્ડર આપેલો. કયાં પ્રસંગ માટે ઓર્ડર આપેલો તે તેઓને ખબર નથી. તે સિવાય ત્યાં શું બનેલ તે તેઓને ખબર નથી.

સદર સાહેદ ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, ફરિયાદપક્ષે તેઓને વિમુખ જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, બનાવ બાબતે તેઓને કોઈ જાતમાહિતી નથી.

**<u>પુરાવાનું વિશ્લેષણ :</u>**

૧૫) ફરિયાદપક્ષે રજુ પુરાવાનું એકસાથે મુલ્યાંકન કરીએ તો, આરોપીએ તા. ૧૨/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે મોજે નગવાસ પ્રથમપાડા ફળીયા, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે આરોપીએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડ નાઓએ જાહેરનામુ બહાર પાડેલ હોવાની જાણ હોવા છતાં મોજે નગવાસ પ્રથમપાડા ફળીયા, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે જાહેરમાં રોડ ઉપર આશરે ૮૦ થી ૧૦૦ જેટલા માણસો રોડ ઉપર ડી.જે. સાથે ભેગા કરી સરઘસ કાઢી મે. જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર વલસાડ જાહેરનામાનો ભંગ કરી,

ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૨૩ તથા જી.પી. એક્ટ – ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનો આરોપી ઉપર આક્ષેપ છે. સબબ કામે **આંક–૧૦** થી ફરીયાદી દેવાતભાઈ વરવાભાઈ ચંદ્રાવાડીયા નાઓએ પુરાવો આપેલ છે, જેમાં તેઓએ ફરિયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે. તેમજ ફરિયાદપક્ષે **આંક–૧૬** થી ત.ક.અ. કમલેશભાઈ મકનાભાઈ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓએ પણ ફરિયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે. પરંતુ તપાસ કરનાર અમલદારશ્રી આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ ૮૦ થી ૧૦૦ જેટલા માણસો હાજર હતા. એ વાત ખરી છે કે, આ કામે અન્ય કોઈ ઇસમો વિરુધ્ધ ફરિયાદ કરેલ હોય તેવું તેઓની તપાસમાં ખુલેલ નહિ. એ વાત ખરી છે કે, આ કામના આરોપી એ જ સરઘસ કાઢેલ હોય તે લગત બાબતના પુરાવા મેળવેલ નહિ. એ વાત ખરી છે કે, જાહેરનામાની જાહેર જગ્યાએ પ્રસિધ્ધિ થયેલ ન હતી. આમ, તપાસ કરનાર દ્વારા ઉલટતપાસમાં સ્વીકારેલ હકીકતો મુજબ, બનાવવાળી જગ્યાએ બીજા ૮૦ થી ૧૦૦ જેટલા માણસો હાજર હતા અને તે પૈકી આ કામના આરોપી એ જ સરઘસ કાઢેલ હોય તે લગત કોઈ જ પુરાવા તપાસ કરનાર અમલદારે મેળવેલ નથી. વધુમાં, જાહેરનામાની જાહેર જગ્યાએ પ્રસિધ્ધિ થયેલ ન હતી તે હકીકત પણ તેઓ સ્વીકારે છે, જેથી સદર જાહેરનામાની ધોરણસર પ્રસિધ્ધિ થયેલ જ ન હતી, તો સામાન્ય લોકોને જાહેરનામાંની જાણ થયેલ હોય તેમ માની શકાય નહી. વધુમાં, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદો દ્વારા પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. જેથી પંચનામું ધોરણસર પુરવાર ગણી શકાય નહી. આ સિવાય ફરિયાદપક્ષે **આંક–૧૯** થી સાહેદ સચિનભાઈ બાબુભાઈ પટેલ અને **આંક–૨૦** થી સાહેદ હાર્દિકભાઈ ઈશ્વરભાઈ હળપતિ સાહેદોને તપાસેલ છે. આ બંને સાહેદો સ્વતંત્ર સાહેદો છે. સદર બંને સાહેદો ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, ફરિયાદપક્ષે તેઓને વિમુખ જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને

સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષના કેસને પોલીસ સાહેદો સિવાય પંચ સાહેદો અને સ્વતંત્ર સાહેદો દ્વારા સમર્થન પ્રાપ્ત થયેલ નથી અને જેથી ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે. ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવામાં આ કામના આરોપીએ તેની સામે આક્ષેપાયેલ ગુનો કરેલ હોય તે હકીકત સાબિત થતી નથી. આમ, ફરીયાદપક્ષ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૨૩ તથા જી.પી.એક્ટ ની કલમ ૧૩૫(૧) મુજબ ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષ સાબિત કરવામાં સફળ રહેલ નથી ત્યારે, મુદ્દા નં.૧ નો જવાબ એ રીતે નકારમાં આપવામાં આવે છે અને ત્યારે મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

૧) આ કામના આરોપી સુરેશભાઈ મોહનભાઈ નાયકા, રહે. નગવાસ, પ્રથમપાડા ફળીયા, તા. ઉમરગામ, જી.વલસાડનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૨૩ તથા જી.પી.એક્ટ ની કલમ ૧૩૫(૧)મુજબનાં ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) બી.એન.એસ.એસની કલમ ૪૮૧ મુજબ આ કામના આરોપીએ અપીલ સમય સુધીના રૂ. ૧૫૦૦૦/– ના જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા રજુ રાખવા અથવા વિકલ્પે અગાઉના જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૭/૦૭/૨૦૨૬ (ઋષિકેશસિંહ હરીશસિંહજી ચૌહાણ)
સ્થળ : ઉમરગામ એડી.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ઉમરગામ
કોડ : જીજે૦૧૬૧૨